Publication: Mumbai Samachar
Date: 4/5/2019
Page: 8
Column: 5-6

MUMBAI SAMACHAR
શનિવાર, તા. ૪-૫-૨૦૧૯
મુંબઈ સમાચાર

# આઝાદીના ૭૦ વર્ષ બાદ ગોરાઇના એક ગામમાં વીજળી આવી

8/5

ભાયંદર: દેશને આઝાદ થયા એને ૭૦ વર્ષ થયા છતાં પણ ભાયંદર શહેરથી ૨૦ કિ.મી. દૂર આવેલ ગોરાઇના આદિવાસી ઝામજડ પાડા નામના ગામમાં ગુરુવારે સાંજે વીજળી પહોંચાડાઇ હોવાની જાણકારી મળી હતી. અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઇ લિમિટેડ (આઇએમએલ) દ્વારા આ ગામમાં કેબલનું કામ શરૂ કર્યા બાદ એક અઠવાડિયામાં આખા ગામમાં વીજળી પહોંચાડવામાં આવી હતી.

ગામમાં જેમ બને તેમ જલદી વીજળી મળે તે માટે આઇએમએલના કર્મચારીઓએ સ્થાનિકોની મદદ લીધી હતી. ત્રીજી મેના રોજ આખા ગામમાં વીજળી આવતાં ગામવાસીઓએ ઢોલનગારા નાથે નાચગાન કરીને ઉત્સવની જેમ ઉજવ્યો હતો. બાળકોથી લઇને વૃદ્ધ વ્યક્તિ આ ઉત્સવમાં ઝૂમી ઊઠ્યા હતાં. ૭૦ વર્ષ બાદ આ ગામમાં વીજળી આવવાને કારણે બાળકો રાત્રે પણ અભ્યાસ કરી શકશે, નોકરિયાતો રાતના અંધારાના ડર રાખ્યા વિના અવજવર કરી શકશે તેમ જ તબીબી સેવાઓ પણ સરળ બનશે. વીજળી મળવાથી રસ્તાનું વિકાસકામ હાથ ધરાશે. હાલમાં આ ગામમાં ૫૨ પરિવારો રહે છે. પાંચ ઘર કાચા હોવાથી પાકા બન્યા બાદ તેમને વીજ કનેક્શન આપવામાં આવશે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું.

ઝામજડ પાડા ગામમાં આઝાદી પહેલેથી જ પરિવારો રહેતા હતાં અને તેમની મરજી મુજબ જીવન પસાર કરતાં હતાં. આ ગામ ડુંગર ઉપર હોવાથી તે ઠેકાણે વીજળી મળવી મુશ્કેલ હતી. સમય બદલાતા નવી પેઢીને લાઇટની જરૂરિયાત ઊભી થતાં ૧૦ વર્ષ પહેલા ઇલેક્ટ્રિસિટી માટે અરજી કરી હતી, પણ તપાસ દરમિયાન તેમને માલિકીના કે ભાડાની રસીદ કે કોઇ દસ્તાવેજો નહોતા. આ જમીન કલેક્ટરની માલિકીની હોવાથી એનઓસીની જરૂર હોવાનું જણાવાયું હતું. ૨૦ દિવસ પહેલા તે કલેક્ટરની એનઓસી મળતાં તે વિસ્તારમાં વીજ કનેક્શન આપવાનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું. ■